ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૨૩ ટકા

# પારંપરિક લોકગીતો સાથે મનાવાતી હોળી

## લોકગીતો ઉપરાંત ફિલ્મીગીતોથી હોળીના પર્વમાં ડીજેના તાલે જોરશોરથી શહેર આખું સંગીતમય બનશે

ગાંધીનગર, તા.૧૨

હોળીનાં દિવસે હોળી પ્રગટાવ્યા પછી મોડી રાત્રી સુધી હોળીની આસપાસ બેસીને જે ગીતો કે દુહાઓ ગાવામાં આવે છે તેને હોળીનાં ફાગ તરીકે ઓળખાય છે. ગુજરાતી, હિન્દી અને અન્ય ભારતીય ચલચિત્રોમાં હોળીના ગીતો ભરપુર પ્રમાણમાં મળી આવે છે. અમુક પ્રસિધ્ધ ગીતો જોઈએ તો 'રંગ બરસે ભીગે ચુનરવાલી...', 'હોલી કે દિન દિલ ખીલ જાતે હૈ...' મહાન ભકત કવિઓએ પણ હોળીનું વર્ણન કરતા ભજનો લખ્યા છે. જેમાં 'રંગ દે ચુનરિયા...', 'કિનુ સંગ ખેલુ હોલી...', 'આજ બીરજ મેં હોલી રે રસિયા...' વગેરેનો સમાવેશ થાય છે.

ઉત્તર ભારતના રાજયોમાં તો હોળીના ફગુઆ ( હોળી ગીતો) ગાઈને જ હોળી ઉજવવાની પ્રથા છે અને વસંત પંચમી પછી આ ફગુઆ ગાવાનું શરુ કરવામાં આવે છે જે હોળીના દિવસ સુધી ચાલુ રહે છે. આ ફગુઆનો સંબંધ ફાગણ મહિના



સાથે છે કારણ કે હોળીનો તહેવાર ફાગણ મહિનામાં આવે છે.

રંગોનો તહેવાર હોળી દક્ષિણ ગુજરાતના ધરમપુર, કપરાડા, આહવા-ડાંગ, ચીખલી, વલસાડ તાલુકાઓમા કંકણાં, વારણી, ઘડિયા, નાટકા વગેરે આદિવાસીઓ દ્વારા અલગ અલગ રીતે ઉજવવામાં આવે છે. ઢોલ-નગારાં, તૂર-થાલી, તારપૂં, કાંહળી, પાવી, ભાદળ, ત્રાસાના નાદ સાથે નૃત્ય કરતા કરતા એક ગામથી બીજે ગામ ઘૂમવામાં આવે છે.

હોળી પ્રગટાવ્યા બાદ ગામના છોકરા છોકરીઓ દરેક ઘરે જઈ ચોખા અને નાગલીનો લોટ માંગી લાવી હોળીના થાનકે રોટલા બનાવી હળીમળીને આનંદથી ખાય છે અને મહિલાઓ મોડે સુધી ગીતો ગાય છે, 'હોળી મલાવ સાંગા, તુમી ફૂલડા માંગી લેવ.'

હોળીમાં ઘેરૈયાઓ દ્વારા પણ ગીતો ગાવામાં આવે છે, 'અમે હોળીનો ગુલાલ છીએ ઘેરૈયા, અમે ફાગણનો ફાલ છીએ ઘેરૈયા...'

આ સાથે યુવાવર્ગમાં ફિલ્મી ગીતો ખૂબ પ્રખ્યાત છે જેમાં અમિતાભ બચ્ચનના ગીતો હોળી પર્વમાં સૌથી વધારે ગવાતા હોય છે.

ધીરે ધીરે કોરોનાની પરિસ્થિતિ કાબુ આવી રહી છે ત્યારે આ વખતે શહેરીજનો પણ હોળીના તહેવારને ખૂબ આનંદ ઉલ્લાસપૂર્વક ઉજવવા ઉત્સુક છે. યુવા વર્ગમાં તો અત્યારથી હોળીના પર્વને લઈ આગોતરા આયોજનો શરુ કરી દેવાયા છે.

## જન્મદિને વધામણી



યશસ્વી ચિન્મય જહા
મો. ૯૪૨૭૬ ૦૬૩૭૧



કલ્પેશ જી સાગર
મો. ૯૨૭૭૬ ૦૯૦૬૦



પીનાક એ પટેલ
મો. ૯૯૨૪૩ ૫૪૫૮૪



ધ્રુવા દવે



દિવ્ય અનિલભાઈ નાયી
મો. ૯૯૨૪૧ ૪૯૩૩૫



રીધમ દત્ત

### સેકટર-૨-સીમાં હોલિકા મહોત્સવની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

સેકટર-૨સીમાં સતત ૨૫ વર્ષથી હોળીની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા હોળીની ઉજવણી કરવામાં આવશે. આ વખતની વિશિષ્ટતા એ છે કે વૃક્ષોનું નિકંદન અટકાવવા વૈદિક હોળી યોજવામાં આવશે. ગૌ મૂત્ર અને છાણાથી બનાવેલી સ્ટીકનો ઉપયોગ જેમાં કપૂર, ધૂપ જેવા સુગંધીયુકત અને પૂજા માટે વપરાતા દ્રવ્યોનું પણ મિશ્રણ કરવામાં આવે છે. સંસ્થાના પ્રમુખ વિક્રમ દેસાઈના જણાવ્યા મુજબ આનાથી વૃક્ષ બચાવો અભિયાનને વેગ મળશે અને વનોનું જતન કરવા માટેની પ્રેરણા પણ મળશે. આ હોલીકા ઉત્સવમાં પ્રમુખ વિક્રમ દેસાઈ અને ભાવિન પરમાર, પ્રદ્યુમનસિંહ બિહોલા, પ્રશાંત રાવલ, ગૌરવ રાણવા, કૃણાલ સોલંકી, પરેશ પરમાર તેમજ સલાહકાર ભાનુભાઈ દવે, મૃગેશ શાહ, જયવંત ચીકોડે વગેરે ઉપસ્થિત રહીને પ્રસંગને સફળ બનાવશે.

# 'દાંડી યાત્રા'ની યાદમાં દાંડી કુટિર ખાતે બાળકોની રેલી યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં મહાત્મા મંદિર પાસેની દાંડી કુટિર ખાતે પુરાતત્વ અને સંગ્રહાલય ખાતુ, રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 'દાંડી યાત્રા'ના ૯૨ વર્ષની ઉજવણીના ભાગરુપે બાળકોની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં ગાંધીનગરના સે.૨૩ની શેઠ સી.એમ. હાઈસ્કુલના વિધાર્થીઓ તેમજ શિક્ષકો ઉત્સાહભેર આ કાર્યક્રમમાં જોડાયા હતા.

ભારતની આઝાદીની ચળવળની મહત્વની ઘટના ૧૨ માર્ચ ૧૯૩૦ના રોજ મહાત્મા ગાંધીએ મીઠા પર ટેક્ષ લગાવવાના કાયદાના લીધે સત્યાગ્રહની શરૂઆત કરી હતી. આ ઘટનાની યાદગીરીમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ખ-રોડ મહાત્માં મંદિરથી દાંડી કુટિર સંગ્રહાલય સુધી એક રેલીનુ



આયોજન કરવામાં આવેલ હતુ આ રેલીમાં બાળકો દ્વારા ગાંધી બાપુની વેશભુષા તેમજ ગાંધીયુગ દરમ્યાન થયેલ ચળવળમાં ઉચ્ચારાયેલા સૂત્રોચ્ચાર સાથે નારા લગાવીને સંગ્રહાલય ખાતે આગમન કર્યુ હતુ જ્યાં વિધાર્થીઓનું સ્વાગત દાંડી કુટિર સંગ્રહાલયના આસીસ્ટન્ટ ક્યુરેટર તેજલ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમના મુખ્ય મહેમાનપદે શેઠસી.એમ.સ્કૂલના આચાર્યા ડૉ. ચેતનાબેન બૂચે હાજર રહીને ગાંધીજીને શ્રધ્ધાંજલી અર્પી આઝાદીની ઘટના યાદ કરીને વિધાર્થીઓને ગાંધીજીના જીવનના મહત્વના પ્રસંગોનુ વર્ણન કર્યુ હતુ. કાર્યક્રમના સમાપને દાંડી કુટિર સંગ્રહાલયના આસિસ્ટન્ટ ક્યુરેટરે મહેમાનો અને વિધાર્થીનીઓનો આભાર વ્યકત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આગામી તા.૬ એપ્રિલ સુધી વિદ્યાર્થીલક્ષી કાર્યક્રમો સંગ્રહાલય ખાતે યોજવામાં આવશે જેમાં શહેરની શાળા અને સંસ્થાઓને જોડવા પ્રયાસ કરાશે.



સરકરી વિજ્ઞાન કોલેજમાં વિશ્વ મહિલા દિવસની ઉજવણી નિમિત્તે સીડબલ્યુડીસી દ્વારા સ્વ સુરક્ષા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અંજના નિમાવત અને ઉત્કર્ષભાઈએ વિદ્યાર્થીની બહેનોને સ્વ રક્ષણની વિવિધ ટેકનીકો શીખવાડી હતી. સાથે સાથે ઈમરજન્સી નંબર જેવા કે ૧૦૦, ૧૦૮, ૧૦૯૧, ૧૧૨, ૧૮૧નો ઉપયોગ કેવી રીતે કરવો તેની સમજૂતી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્ય ડૉ.એમ.જી. ભટ્ટના માર્ગદર્શન હેઠળ ચેરમેન ડૉ. કિરણ નિમાવત અને તેમની ટીમે કર્યું હતું.



સેકટર-૨-સીમાં ગણપતિ ઉત્સવની સમિતિ દ્વારા છેલ્લા ૧૭ વર્ષથી સે-૨-સીમાં વિદ્યાર્થીઓને સમિતિ દ્વારા ઘરે ઘરે જઈને પેન, ચોકલેટ આપી શુભેચ્છા આપવામાં આવે છે. આ વર્ષે પણ જે વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે તેઓને ઘરે ઘરે ફરીને પેન વિતરણ કરવામાં આવી હતી.

### મધ્યસ્થ ગ્રંથાલય ખાતે ઝવેરચંદ મેઘાણીની પુણ્યતિથિ પ્રસંગે પુષ્પાંજલિ કાર્યક્રમ



ગાંધીનગર, તા.૧૨

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સે-૧૭ ખાતે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની પુણ્યતિથિ પ્રસંગે પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી રચિત પુસ્તકોનું પ્રદર્શન યોજાયું હતું. આ પ્રસંગે ગ્રંથાલય નિયામક ડૉ. પંકજભાઈ કે. ગોસ્વામીએ ઝવેરચંદ મેઘાણીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાચકગણે ઉપસ્થિત રહી ઝવેરચંદ મેઘાણીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ કાર્યક્રમ સંસ્થાના કર્મચારી જી.બી. રાવલ, સી.ડી. પરમાર, ટી.એસ. ભટ્ટ, નેહાબેન માછી, કે.કે. ચુડાસમા, આર.બી. સોલંકી તથા સાથી કર્મચારીઓના સહયોગથી સફળ રહ્યો હતો.

# જયોતિ મહિલા મંડળ દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૧૧

જયોતિ મહિલા મંડળ દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આરોગ્યશાખા ગાંધીનગર મનપા દ્વારા જયોતિ મહિલા મંડળના સહયોગથી શેઠ સી.એમ. હાઈસ્કૂલના પ્રાંગણમાં રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂર્વ કોર્પોરેટર હર્ષાબા ધાંધલ, કોર્પોરેશન ટીબી ઓફિસર ડૉ. હરેશ પટેલ, પ્રિન્સિપાલ ડૉ. ચેતનાબેન બુચ, આર.બી.એસ.કે. ટીમ અર્બન હેલ્થ સેન્ટર, સે-૨૯ તથા અન્ય મેડિકલ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આ કાર્યક્રમમાં આશરે ૧૮૦ જેટલી કિશોરીઓની હિમોગ્લોબીન તપાસ, વજન, ઊંચાઈ, હેલ્થ સ્ક્રીનીંગ કરી આરોગ્યની સમજણ તથા પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું તથા સેનેટરી પેડનું વિતરણ દિકરીઓને કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મનોરંજનના ભાગરૂપે રંગોળી સ્પર્ધા, મહેંદી સ્પર્ધાનું આયોજન કરી વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરી ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ સાથે મહિલા મંડળની બહેનો દ્વારા ઝુંપડપટ્ટીમાં સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડૉ. ચેતના બુચ, હર્ષાબા ધાંધલ, જયોતિબેન ઠકકર, મીનાબેન શાહ, કિન્નરી દવે દ્વારા સુંદર સહયોગ સાંપડયો હતો.

### ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગ દ્વારા જાતીય સતામણી અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૨

કામકાજના સ્થળે જાતીય સતામણી થાય તો શું કરવું જોઈએ તે અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગ, મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા હાલમાં જ વિશેષ વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. મહિલા અને બાળવિકાસ વિભાગના ચાર વિષય નિષ્ણાતો દ્વારા મહિલાઓના રક્ષણ માટે કામકાજના સ્થળ પર જાતીય સતામણી અધિનિયમ-૨૦૧૩ વિષય પર ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. સમાજમાં મહિલાઓ સુરક્ષિત રહે અને સલામત રહે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં સમાજકાર્ય અને ફૂડ અને ન્યુટ્રિશન વિભાગના ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિ અને સમાજકાર્ય વિભાગના અધ્યક્ષ શ્રી રીનાબહેન રાઓલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. શૈલેષ બ્રહ્મભટ્ટ અને ડૉ. નરેન્દ્ર વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

### જે.એમ.પી. ગોપાલક સ્કૂલમાં ચિત્રસ્પર્ધાનું આયોજન



ગાંધીનગર, તા. ૧૨

જે.એમ.પી. ગોપાલક સ્કૂલમાં ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૧ થી ૯ તથા ધોરણ ૧૧ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં વિજેતાઓને સર્ટીફિકેટ વિતરણ કરવામાં આવ્યું હતુ. શાળાના ટ્રસ્ટી જગતભાઈ શાહ, મહેન્દ્રભાઈ પ્રજાપતિ, પ્રકાશભાઈ વાઘેલાએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરમાં કેમ્પ ફાયર-૨૦૨૨નું આયોજન

ગાંધીનગર, તા.૧૨

સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરમાં કેમ્પ ફાયર-૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્કૂલના કેમ્પસમાં વિવિધ સ્ટોલ અને બાળકો માટે રાઈડનું આયોજન કરવામાં આવ્યું હતું તથા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું જેમ કે ડાન્સ, નાટક સીંગીગ, ગરબા અને અનેક પ્રકારની રમતો રમીને વિદ્યાર્થીઓએ આનંદ માણ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સ્કૂલના આચાર્ય, શિક્ષકો અને તમામ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.



### આર.જી. પટેલ શાળાનો જિલ્લા કક્ષાએ કલા મહાકુંભ-૨૦૨૨માં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૧૨

ગોપાલક વિદ્યાસંકુલ, સે-૧૫ખાતે કલામહાકુંભ-૨૦૨૨ની જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં આર.જી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીનીએ બધી જ સ્પર્ધામાં ભાગ લઈ પ્રથમ અને દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. જેમાં નિબંધ સ્પર્ધામાં દષ્ટિ પરમાર, ખુશી સરવૈયા, વકતવ્ય સ્પર્ધામાં પરિહાન મનસુરી, કાવ્યલેખનમાં દષ્ટિ જયસ્વાલ, તુલસી પરમાર, દુહા-છંદમાં રિધી ટાંક, આર્યા જોષી, લોકવાર્તામાં મૈત્રી જાની, એકપાત્રિય અભિનયમાં અક્ષિતા બોદાર, શ્રુતિ પટેલ તથા ચિત્રકલામાં ધ્રુવી પરમાર વિજેતા રહ્યા હતા. આ વિજેતાઓ રાજયકક્ષાએ સ્પર્ધામાં ભાગ લઈને શાળાનું પ્રતિનિધિત્વ કરશે. શાળાના શિક્ષક ગણ જયશ્રીબેન મહંત, સવધીબેન, બિજલબેન પટેલ, નારણભાઈ બારોટે માર્ગદર્શન પુરું પાડયું હતું. આ સમગ્ર કાર્યક્રમની સફળતા માટે શાળાના આચાર્ય ગીતેશભાઈ પટેલે ભાગ લેનાર વિદ્યાર્થીનીઓ, શિક્ષકગણને શુભેચ્છા પાઠવી હતી.

# નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે ગુજરાત સ્ટેમ કિવઝના વિજેતાઓનો સન્માન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર, ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત ક્ષેત્રે જ્ઞાનમાં વધારો થાય તેવા આશયથી સમગ્ર ગુજરાતના ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા બાળકો માટે સ્ટેમ સાયન્સ ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિકસ કવીઝ સ્પર્ધા આયોજન કરવામાં આવ્યું હતું. આ કવીઝ સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાંથી ૫ લાખ ૪૦ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજિસ્ટ્રેશ કર્યુ હતું. જેમાં ગાંધીનગર જીલ્લામાંથી ગાંધીનગર જીલ્લામાંથી જુદી-જુદી શાળાના ૧૮૦૮૦ જેટલા વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમની ઓનલાઈન કવીઝ સ્પર્ધા લેવામાં આવી હતી. જેમાં



રાજ્ય કક્ષાની **STEM QUIZ** સ્પર્ધા માટે કુલ ૨૦ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા. જેઓએ સાયન્સ સીટી ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાની મેગા ફાઈનલ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ત્યાં યોજાયેલ પ્રિલીમ સ્પર્ધામાં સમગ્ર રાજ્ય માંથી કુલ ૩૨ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા. જેમાં ગાંધીનગર જીલ્લાના કુલ ૮ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા. જેમાંથી ૨ વિદ્યાર્થીઓ સ્ટેટ લેવલ સેકંડ રનર્સઅપ તરીકે પસંદગી પામ્યા છે. જેઓએ ગાંધીનગર જીલ્લા નું ગૌરવ વધારેલ છે. આ વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે યોજાયો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મ્યુનીસીપલ કમિશનર ડૉ.ધવલ પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી ડો ભરતભાઈ વઢેર અને નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ અનીલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ.ધવલ પટેલે વિજેતા વિદ્યાર્થીઓને ગાંધીનગરનું નામ રોશન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા તેમજ તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે મોમેન્ટો આપી પ્રોત્સાહિત કર્યા હતા. ડો.ભરત વઢેરે વિદ્યાર્થીઓને સરકારશ્રી ધ્વારા યોજાતી વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહ પૂર્વક ભાગ લેવા પ્રેરણા આપી હતી તેમજ વિજેતા વિદ્યાર્થીઓને મોમેન્ટો આપી અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં વિજેતા વિદ્યાર્થીઓ તેમના વાલીઓ અને શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ડિપ્લોમા એન્જિનિયરીંગ કોલેજ સ્પીરીટ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં પ્રથમ નંબરે વિજેતા



ગાંધીનગર, તા. ૧૨

સેફ્રોની ડિપ્લોમાં એન્જીનિયરીંગ કોલેજ જીટીયુ દ્વારા આયોજીત સ્પીરીટ-૨૩૦૨૧-૨૨ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ગાંધીનગર ઝોનમાં પ્રથમ નંબરે વિજેતા થયા હતા. આ ટૂર્નામેન્ટ ગુજરાત પાવર એન્જીનીયરીંગ કોલેજ, મેવડ ખાતે યોજાઈ હતી. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી પ્રિયેશભાઈ, ડિપ્લોમાં કોલેજના પ્રિન્સિપાલ પ્રો. એમ.એ. પટેલ, મેનેજમેન્ટના સભ્ય કુશલભાઈ, ગુલાબભાઈ, વિશાલભાઈ અને પ્રાધ્યાપકોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. નિશાદ ઈન્દ્રજીત નટવરલાલ, ઉ.વ. ૨૮, મહુવા, જેતપુર
- સ્વ. શર્મા નન્હે મીશી, ઉ.વ. ૫૨, સેકટર-૨૬
- સ્વ. ચાવડા દશરથસિંહ ગાભુસિંહ, ઉ.વ. ૫૩, લાકરોડા, માણસા
- સ્વ. ગાંધી ડાહ્યાલાલ શાંતિલાલ, ઉ.વ. સેકટર-૨૪
- સ્વ. ઠાકોર દક્ષાબેન રાજુજી, ઉ.વ. ૧૭, દોલારાણા વાસણા
- સ્વ. પઢીયાર હેમાભાઈ વસ્તાભાઈ, ઉ.વ. ૭૫, દેલવાડ, માણસા

● રૂદ્રભૂમિ ●

- સ્વ. ચૌહાણ હંસરાજ કાનજીભાઈ, ઉ.વ. ૬૦, સરગાસણ
- સ્વ. પરમાર દીનાબેન બાબુભાઈ, ઉ.વ. ૬૨, સેકટર-૪